ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

Tele Phone : 2630 1341-2630034-
26300126 & 2630066-
Tele Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોકસ નં. ૪૦૧૦
નવરંગપુરા અમદાવાદ - ૩૮૦ ૦૦૯

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVARANGPURA,
AHMEDABAD - 380 009 (INDIA)

નં.પીજી/અનુસ્નાતક/ 57/52 /૨૦૧૪

તા. 1 / 7 / ૨૦૧૪

પ્રતિ,
આચાર્યશ્રી
ગુજરાત કોમર્સ કોલેજ
અમદાવાદ-૩૮૦૦૦૬

**બાબત :- એમ.કોમ.નુ ગુજરાતી માધ્યમમાં અનુંસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગે, વર્ષ ૨૦૧૪-૧૫**

શ્રીમાન,

ઉપર જણાવેલ બાબત પરત્વે આપની કોલેજમાં એમ.કોમ.નુ ગુજરાતી માધ્યમમાં અનુંસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની આપની તા.૧૬/૧૨/૨૦૧૩ની અરજીના સંદર્ભમાં આવેલી LICના અહેવાલ તા.૨૫/૦૬/૨૦૧૪ના સંગર્ભમાં તથા માન.કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનું કે ગ્રાન્ટેબલ ફીના ધોરણે, યુનિવર્સિટીના નિયમોને આધીન, તમામ શૈક્ષણિક જવાબદારી સાથે જરૂરી વર્ગ લેવાય તથા શૈક્ષણિક માળખું સચવાય તેવી રીતે જરૂરી સ્ટાફ ની સુવિધા સાથે વર્ષ ૨૦૧૪-૧૫ થી એમ.કોમ.ના ગુજરાતી માધ્યમમાં એક વર્ગ (વિદ્યાર્થીની સંખ્યા ૧૦૦) શરૂ કરવાની મંજુરી આપવામાં આવે છે. જેની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ
(signature)
કા.કુલસચિવ વતી

નકલ રવાનાઃ- શ્રીમતી અનિષાબેન પઠાણ
પી. જી. વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ - ૩૮૦૦૦૯

Scanned by CamScanner

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪,
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126 & 26300664
Grams : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY,
POST BOX NO. 4010, NAVRANGPURA,
AHMEDABAD-380 009 (INDIA).

અનુ.રજિસ્ટ્રેશન/31878 /200

તા. 4-9 -2015

પ્રતિ,

અધ્યક્ષશ્રી/આચાર્યશ્રી,
ગુજરાત કોમર્સ કોલેજ
એલિસબ્રીજ
અમદાવાદ-380006

વિષય : M.Com Sem-1 વધુ વિદ્યાર્થી પ્રવેશ અંગે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપના પત્રાંક નં. 2014-15 1160 ના તા. 26-8 -2015 પત્રના અનુસંધાને આદેશાનુસાર જણાવવાનું કે, યુનિવર્સિટીના પ્રવેશ નિયમોને આધિન ચાલુ શૈક્ષણિક વર્ષ ~~૨૦૦૯-૧૦~~ 2014-15 માટે જ આપની સંસ્થાના M.Com. પાર્ટ-૧ Sem-1 ........ વિષયમાં વધુ 25 (RG) વિદ્યાર્થીઓને પ્રવેશની મંજૂરી આપવામાં આવે છે. આથી આ શૈક્ષણિક વર્ષ માટેની વર્ગમાં કુલ 100 (RG) વિદ્યાર્થીઓની પ્રવેશ ક્ષમતા રહેશે. જેની નોંધ લેવા વિનંતી.

આભાર સહ,

75 (RG) + 25 (RG) = 100 (RG)
25 (HP)
125

આપનો વિશ્વાસુ,

[signature]

કા. કુલસચિવ વતી.

5/9/15

D:\Parchuran

Scanned by CamScanner

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300684
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

નં.પી.જી/અનુસ્નાતક/ 15696/૨૦૧૮ તા. 30/7/૨૦૧૮

## પરીપત્ર

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન એમ.કોમ વિષયનાં પી.જી. કેન્દ્રના કો-ઓર્ડિનટસ્શ્રીઓ.

મા. કુલપતિશ્રીના આદેશાનુસાર શૈક્ષણીક વર્ષ ૨૦૧૮-૧૯ માટે ફકત એક વર્ષ માટે યુનિવર્સિટી સંલગ્ન એમ.કોમના પી.જી કેન્દ્રો માં પી.જી. કેન્દ્ર દીઠ ૨૦ સીટ મેરીટને આધારે ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે વધારાની મંજૂર કરવામાં આવે છે. જેમાં,

(૧) દરેક કેન્દ્ર એ Inter-Se- Merit પદ્ધંતીથી એડમીશન ની કાર્યવાહી કરવી. ફકત પ્રવેશ વંચીત વિધાર્થીઓની અરજીઓ જ સ્વીકારવી;

(૨) Inter-Se- Merit પદ્ધતીમાં હાયર ફીસના પોતાના કેન્દ્રના વિધાર્થીઓ + પ્રવેશ વંચીત રહેલા વિધાર્થીઓ બેને ભેગા કરી ઇન્ટરસી મેરીટ બનાવવાનું રાખવું.

(૩) જે વિધાર્થીઓને એમ.કોમમાં પ્રવેશ મળેલ હોય અથવા રીપોર્ટ કરેલ હોય તેઓની અરજી સ્વીકારવી નહીં, પ્રથમ એડમીશન મોડયુલ ચેક કર્યા બાદ પ્રવેશ વંચીત વિધાર્થીઓની અરજીઓ સ્વીકારવી.

(૪) ઉપરોકત એમ.કોમ પ્રવેશ કાર્યવાહી દરમ્યાન કોઈ પણ હેતુસર અગાઉ મેળવેલ વિંધાર્થીઓનો પ્રવેશ રદ કરવાની કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવી નહી.

(૫) એમ.કોમ પ્રવેશ વંચીત વિધાર્થીઓનો પ્રવેશ અંગે એક થી વધારે પી.જી. કેન્દ્રોમાં પ્રવેશ અંગે અરજી કરવી હિતાવહ છે.

(૬) Inter-Se- Meritના કારણે હાયર ફીસ વાળા વિધાર્થીઓ ગ્રાન્ટ ઇન એઇડમાં પ્રવેશ પાત્ર થાય તો ઓફ લાઇનમાં હાયર ફીસ વાળા વિધાર્થીઓની તફાવતની રકમ કોલેજે પરત કરવી. જે વિધાર્થીઓએ ઓન લાઇન આધારે હાયર ફીસમાં પ્રવેશ મેળવેલ છે તેમના તફાવતની ફી



Scanned by CamScanner

GUAC પરત કરશે.

(૭) ઉપરોકત એમ.કોમ પ્રવેશ કાર્યવાહી તા. ૦૪/૦૮/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે On the Spot પ્રવેશ આપીને કોલેજ મોડયુલમાં તરત એન્ટ્રી કરવી. એમ.કોમ એડમીશન મોડયુલ તા. ૦૪/૦૮/૨૦૧૮ સાંજના ૬-૦૦ વાગે બંધ કરવામાં આવશે.

(૮) ટાઇમ ટેબલ

| ક્રમ | ખાનગી ફી | તારીખ |
|---|---|---|
| ૧ | પ્રવેશ વંચીત વિધાર્થીઓના ફોર્મ સ્વીકારવા | તા. ૧ અને ૨ ઓગસ્ટ ૨૦૧૮ |
| ૨ | મેરીટ પ્રમાણે પ્રવેશ આપવાની પ્રક્રીયા | તા. 3 અને ૪ ઓગસ્ટ ૨૦૧૮ |

(૯) નવા એડમીશનની ફી જે તે કોલેજે સ્વીકારવવાની રહેશે.

કા.કુલસચિવ



Scanned by CamScanner

# ગુજરાત યુનિવર્સિટી

નવરંગપુરા, અમદાવાદ-૯.

નં.એકેડેમિક/પ્રાથ/ ૫૨૧૪૩/૨૦૧૨

તા.૨-૬-૨૦૧૨

## બી.કોમ.-પ્રથમ સેમીસ્ટર(Semester) પ્રવેશ અંગે પરિપત્ર

પ્રતિ,

તમામ સંલગ્ન કોમર્સ કોલેજના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીઓ/આચાર્યશ્રીઓ :

બાબત : શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩ માટે અમદાવાદ/ગ્રામ્ય વિસ્તાર ખાતે પ્રથમવર્ષ વાણિજ્યના પ્રથમ સેમીસ્ટરના વર્ગોમાં પ્રવેશ માટેની અમલમાં મુકવાની સુચનાઓ/માર્ગદર્શક નિયમો અંગે :

શ્રીમાન/શ્રીમતી,

માનનીય કુલપતિશ્રીના આદેશ અનુસાર ઉપરોક્ત બાબતે સંલગ્ન અમદાવાદ/ગ્રામ્ય વિસ્તારની કોમર્સ કોલેજોના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાની કામગીરી અંગે નીચે જણાવેલ સુચનાઓ અને આદેશોનું સુસ્ત પાલન કરવા વિનંતી છે.

(અ) પ્રવેશ અંગેની સુચનાઓ કોમર્સ માટે :-

૧. અમદાવાદ કેન્દ્ર અને યુનિવર્સિટીએ માન્ય કરેલ અન્ય કેન્દ્રો પરથી માર્ચ-૨૦૧૨ની ધો-૧૨ની પરીક્ષામા પાસ થનાર અનામત અને બિન-અનામત બંને કક્ષાના વિદ્યાર્થીઓને પ્રવેશપત્રો આપવાની, પરત સ્વીકારવાની અને મેરિટ યાદીઓ મૂકવાની અને ફી લેવાની વ્યવસ્થા શહેર/ગ્રામ્ય વિસ્તારમાં આ પરિપત્રમાં દર્શાવેલ સમય પત્રક મુજબ (કોમર્સ) ફરજીયાત રીતે અમલમાં મૂકી કાર્યવાહી કરવાની રહેશે.

૨. આપની કોલેજમાં વિદ્યાર્થીઓને જે કોર-ઇલેકટીવ (મુખ્ય વિષય) સબજેકટ ઇલેકટીવ (ગૌણ વિષય) ફાઉન્ડેશન અને સોફ્ટ સ્કીલ કોર્ષીસ આપવા માંગતા હોય તેની માહિતી આપની કોલેજના નોટીસ બોર્ડ પર વિદ્યાર્થીને સ્પષ્ટ વંચાય તે રીતે મુકશો.

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૨૦૧૩માં ગતવર્ષ ૨૦૧૧-૧૨માં જેટલા વર્ગો હતા, તેમાં વધારો કે ઘટાડો યુનિ.ની મંજૂરી વગર કોઈપણ સંજોગોમાં કરી શકાશે નહીં.

૪. (અ) કોમર્સ માટે પ્રવેશ ફોર્મ, ગુજરાત યુનિવર્સિટી છાપીને આપશે તેની કિંમત રૂા.૧૦/- રહેશે. વિદ્યાર્થી જ્યારે ફોર્મ જમા કરાવે ત્યારે જે તે કોલેજે રૂા.૧૦/- ફોર્મ દીઠ લેવાના રહેશે.

(બ) ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોમર્સ કોલેજોને પરીપત્રમાં પેજનં.૬માં દર્શાવેલ સમયપત્રક અનુસાર <u>જરૂરીયાત મુજબ ફોર્મ્સ આપવામાં આવશે,</u> ત્યારબાદ જરૂર મુજબ એક દિવસ અગાઉ કોલેજે ફોર્મ્સ લઈ જવાનાં રહેશે. (સમય ૧૧-૦૦ થી ૩-૦૦ સુધી) વિદ્યાર્થી જેટલાં ફોર્મ્સ માંગે તેટલા ફોર્મ્સ કોલેજે આપવાના રહેશે.

(ક) પ્રવેશ પ્રક્રિયા સમાપ્ત થયા પછી ૧૦% થી વધે નહીં તે રીતની ગણત્રી રાખી; વધેલાં ફોર્મ્સ ગુજરાત યુનિવર્સિટીમાં મોડામાં મોડી ૩૦/૭/૨૦૧૨ સુધીમાં જમા કરાવવાના રહેશે. વધેલા ફોર્મ્સના નાણા યુનિવર્સિટી દ્વારા પરત કરવામાં આવશે.મોટી સંખ્યામાં ફોર્મ્સ પરત કરવાં પડે ત રીતે ફોર્મ્સનો ઉપાડ કરવો નહીં.

(ડ) ફોર્મ્સની કિંમત રૂા.૧૦/- થી વધારે બ્રોશર-પેમ્પલેટના નામે, કે અન્ય સ્વરૂપે લઈ શકાશે નહીં,

૫. (અ) ફોર્મ્સ પરત લેતી વખતે વિદ્યાર્થીને ફરજીયાત પહોંચ આપવાની રહેશે.

(બ) અંગ્રેજી-ગુજરાતી માધ્યમ માટે એક જ ફોર્મ વિદ્યાર્થીઓ પાસે ભરાવવાનું રહેશે.

(ક) કોઈપણ સંજોગોમાં ફોર્મ પરત લેતી વખતે ઓરીજીનલ માર્કશીટ લેવાની નથી. મેરીટ યાદી મુજબ પ્રવેશ આપતી વખતે જ ઓરીજીનલ ગુણપત્રક લઈ લેવું. અને તા.૩૧/૮/૧૨ પછી જ પરત કરવું, આ બાબતનો સુસ્ત અમલ કરવો.

(ડ) પ્રોફેશનલ કે વિશિષ્ટ ટ્રેઈનીંગ કોલેજોમાં જો ચાલુ વર્ષે કોઇ કોલેજ મંજુર થાય તેવા કિસ્સામાં જ પ્રવેશ રદ કરી શકાશે.

(ઇ) એકવાર પ્રવેશ લીધા પછી તેજ પ્રવાહની કોલેજમાં પ્રવેશ આપવામાં આવશે નહી ,આમછતાં કોઈ કોલેજ પ્રવેશ આપશે તો તે વિદ્યાર્થીના એનરોલમેન્ટ કરવામાં આવશે નહી.

Scanned by CamScanner

૬. ડીવીઝન દીઠ મહત્તમ સંખ્યા નીચે પ્રમાણે રહેશે :

(અ) *કોમર્સ માટે : ૧૫૦(કોમર્સ)* કોમર્સ કોલેજોમાં ડીવીઝન દીઠ ૧૨૦ સીટ + ૩૦ સીટ મેનેજમેન્ટ ક્વોટા એમ મળીને કુલ ૧૫૦ બેઠકો ફાળવવાની રહેશે.

ડીવીઝન દીઠ ૧૨૦ બેઠકો ફરજીયાત પણે મેરીટસના ધોરણે ભરવાની રહેશે.

ડીવીઝન દીઠ ૧૨૦ બેઠકની પ્રવેશ યાદી તૈયાર કરી પ્રવેશ પરિપત્રમાં નક્કી કરાયેલ તારીખ મુજબ મેરીટસ યાદી યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજીયાત સમયસર જમા કરાવવાની રહેશે.

ઉપરાંત કોલેજ દિઠ બે સીટો લશ્કરી અને અર્ધલશ્કરી દળોના કર્મચારીઓના બાળકો માટે ફાળવવાની રહેશે.

(બ) **કોઈપણ દબાણને વશ થઈ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે યુનિ.માં મોકલવા નહીં, કોઈપણ ફરીયાદ હોય તો લેખિત સ્વરૂપમાં અરજી લઈ કોલેજની પ્રવેશસમિતિએ ઉકેલ લાવવો અને લેખિત સ્વરૂપમાં જવાબ આપવો.**

એક વખત દબાણથી પ્રવેશ આપતાં અનેક સમસ્યાઓ ઉભી થશે અને તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટ કે આચાર્યશ્રીની રહેશે.

૭. દરેક કોલેજે નીચે પ્રમાણે સ્પષ્ટ જાહેરાત કોલેજના પ્રવેશ દ્વાર પાસે કરવી. (જમ્બો ઝેરોક્ષમાં મુકવું)

(૧) ગત વર્ષના કટ ઓફ માર્કસ અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ મુજબ (એસસી/એસટી/ઓબીસી/ઓપન કેટેગરી પ્રમાણે)

(૨) મેરીટ યાદીમાં નામ આવતાં ક્રમશ: જ્યાં નિયત સંખ્યા સમાપ્ત થશે ત્યાં પ્રવેશ બંધ થશે.મેરીટ યાદી બે ગણાથી વધારે મુકવી નહી.

(૩) **મેરીટ અનુસાર યાદીમાં નામ આવવાથી પ્રવેશ ફાઈનલ થતો નથી, આગળના મેરીટ ધરાવનાર કેટલા વિદ્યાર્થી પ્રવેશ લે છે તેના પર આધાર રહે છે.**

(૪) **અનેક કોલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ અરજીઓ જમા કરાવે છે. તેથી જરૂર કરતાં વધારે સંખ્યાની યાદી મૂકવામાં આવે છે અને પરીણામે બધાને પ્રવેશ મળી શકશે તેમ માનવું નહીં.**

(૫) **ફી ભર્યા પછી સમાનવિદ્યા શાખામાં જવા માટે પ્રવેશ કોઈપણ સંજોગોમાં રદ થશે નહીં. ઓરીજીનલ, ગુણપત્રક તા.૩૧/૮/૧૨ સુધી પરત મળશે નહીં.**

(૬) માત્ર પ્રોફેશનલ - ટ્રેઈનિંગ કોલેજોમાં જવા માટે જ ગુણપત્રક પરત મળશે. ફી યુનિવર્સિટીના નિયમો મુજબ પરત મળશે. આ માટે વિદ્યાર્થીએ પૂરાવો આપવાનો અપેક્ષિત છે.

(૭) મેરીટ યાદીઓ એક જ તારીખે તમામ કોલેજોમાં સાંજે ૫-૦૦ વાગ્યે મૂકાશે. મેરીટ યાદી મુજબ ફી સ્વીકારવાનો સમય બી.કોમ. અભ્યાસક્રમમાં સવારની કોલેજમાં સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે અને બપોરની કોલેજે બપોરે ૧૨-૦૦ થી ૪-૦૦ કલાક સુધી ફી સ્વીકારવાની કાર્યવાહી કરવાની રહેશે.' વિદ્યાર્થીએ સમયસર હાજર રહેવું સીટોની ઉપલબ્ધતાને આધારે પ્રવેશ પ્રક્રિયા ચાલુ રહેશે.

(૮) **નિયત તારીખે ફી નહીં ભરનારનો પ્રવેશ પર કોઈ અધિકાર** રહેશે નહીં, આ બાબતે વાંધા-વિરોધ-વિવાદ **સાંભળવામાં આવશે નહીં.**

(૯) પ્રવેશ માટે કોઈપણ એજન્ટ/મધ્યસ્થી સાથે નાણાંકીય વ્યવહાર કરવો નહીં.

(૧૦) નિયમાનુસાર ડીવીઝન દીઠ સંખ્યા ભરાઈ જતાં પ્રવેશ બંધ થશે.

(૧૧) પોતાના પ્રાપ્ત ટકાને ધ્યાનમાં રાખ્યા સિવાય ઉચ્ચ ટકાવારીનાં કટ ઓફ પોઈન્ટ ધરાવનાર કોલેજોમાં જ પ્રવેશ ફોર્મ ભરનારને પ્રવેશ ના મળે તો કોલેજ કે યુનિ.ની કોઈ જવાબદારી રહેશે નહીં. આ માટેની રજૂઆત યુનિવર્સિટીમાં સાંભળવામાં આવશે નહીં.

(૧૨) NRI ક્વોટામાં વિધાર્થીને પ્રવેશ આપવા માટે કોલેજ તરફથી યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.યુનિવર્સિટીની મંજૂરી સિવાય આપેલ પ્રવેશ માન્ય ગણાશે નહી.

૮. દરેક કોલેજ ચુસ્ત રીતે મેરીટ અનુસાર જ પ્રવેશ આપશે. તે માટે યુનિ.એ ઓબ્ઝર્વર નિમેલા છે અને મેરીટ લીસ્ટ બહારનાં એકપણ પ્રવેશ આપવો નહીં, અન્યથા તે પ્રવેશ રદ ગણાશે તથા તે વિદ્યાર્થીનું એનરોલમેન્ટ થશે નહીં.

(૧)અનામત કક્ષાના વિદ્યાર્થીઓને જાતિના પૂરાવવાની નકલ સાથે અરજી આપવાની રહેશે.

(૨) જાતિનું પ્રમાણપત્ર ઈશ્યૂ થવાનું બાકી હોય તો પ્રવેશ વખતે "હંગામી" પ્રવેશ આપી ૧૦ દિવસમાં રજૂ કરવાની ખાત્રી પત્ર લેવો. ૧૦ દિવસ પછી પ્રવેશ રદ ગણાશે તેમ જણાવવું.

Scanned by CamScanner

વાણિજ્ય - શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં - ઓપન - અનામત
પ્રથમ સેમેસ્ટરમાં મેરીટ યાદીઓના આધારે પ્રવેશ કાર્યવાહીનું સમય પત્રક - ૨૦૧૨-૨૦૧૩

| ક્રમ | કાર્યવાહી | પ્રથમ વર્ષ બી.કોમ. |
|---|---|---|
| (૧) | ગુજરાત યુનિવર્સિટી દ્વારા કોલેજોને ફોર્મ વિતરણ | ૧૮-૬-૧૨ થી ૨૦-૬-૧૨ |
| (૨) | કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મનું વિતરણ | ૨૦-૬-૧૨ થી ૨૩-૬-૧૨ |
| (૩) | કોલેજો દ્વારા પ્રવેશફોર્મ પરત સ્વીકારવા | ૨૧-૬-૧૨ થી ૨૩-૬-૧૨ |
| (૪) | ઓપન મેરીટ પ્રથમ યાદીની જાહેરાત | ૨૭-૬-૧૨ |
| (૫) | ઓપન મેરીટ પ્રથમ યાદીના વિદ્યાર્થીઓને ફી સ્વીકારવાનો સમય સવારે ૧૦-૩૦થી | ૨૭-૬-૧૨ થી ૨૮-૬-૧૨ |
| (૬) | ઓપન મેરીટ બીજી યાદીની માત્ર જાહેરાત . | ૨૯-૬-૧૨ |
| (૭) | ઓપન મેરીટ બીજી યાદી પ્રમાણે ફી સ્વીકારવાનો સમય સવારે ૧૦-૩૦થી | ૩૦-૬-૧૨ થી ૨-૭-૧૨ |
| (૮) | ઓપન મેરીટ ત્રીજી યાદીની જાહેરાત તથા ફી સ્વીકારવાનો સમય સવારે ૧૦-૩૦થી | ૩-૭-૧૨ થી ૪-૭-૧૨ |
| (૯) | તમામ અનામત કેટેગરીની પ્રથમ મેરીટયાદીઓની જાહેરાત | ૫-૭-૧૨ |
| (૧૦) | અનામત કેટેગરીની પ્રથમ યાદી પ્રમાણે ફી સ્વીકારવી | ૬-૭-૧૨ થી ૭-૭-૧૨ |
| (૧૧) | અનામત કેટેગરીની બીજી મેરીટ યાદીની જાહેરાત | ૯-૭-૧૨ |
| (૧૨) | અનામત કેટેગરીની બીજી મેરીટ યાદીના ફી સ્વીકારવી | ૧૦-૭-૧૨ |
| (૧૩) | જરૂર પડે તો અનામત કેટેગરીની ત્રીજી મેરીટ યાદીની જાહેરાત કરવી. અને ફી સ્વીકારવી | ૧૧-૭-૧૨ |
| (૧૪) | જરૂર પડે તો અનામત કેટેગરીની ખાલી રહેતી સીટો માટે યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવવી અને યુનિવર્સિટીની સૂચના મુજબ આ સીટો ભરવી. | ૧૧-૭-૧૨ |
| (૧૫) | પ્રથમ વર્ષનું શૈક્ષણિક કાર્ય શરૂ. | ૧૨-૭-૧૨ |

બિડાણ :

(૧) ગુજરાત યુનિવર્સિટીનો પરચૂરણ ફી દર્શાવતો ઓર્ડિનન્સની ઝેરોક્ષ નકલ.

ડૉ.બી.વી.પટેલ
કા.કુલસચિવ

નકલ સાદર રવાના :

(૧) કુલસચિવશ્રી, ગુજરાત યુનિવર્સિટી.
(૨) પરીક્ષા નિયામકશ્રી.તેમજ દરેક વિભાગના વડા,ગુજ.યુનિ.અમદાવાદ-૯
(૩) તમામ કોમર્સ કોલેજોના આચાર્યશ્રીઓ - મેનેજીંગ ટ્રસ્ટીશ્રીઓ.
(૪) એનરોલમેન્ટ - એલીજીબીલીટી વિભાગના સેક્શન ઓફિસર - હેડ કલાર્કશ્રી.
(૫) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગર.

Scanned by CamScanner

(૩) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું ક્રીમીલેયર સર્ટીફીકેટ વિદ્યાર્થીએ રજૂ કરવું ફરજીયાત છે.એટલે કે માર્ચ-૨૦૧૨ પછીનુ ક્રીમીલેયર સર્ટીફિકેટ લાવવાનુ રહેશે.

(૪) પ્રવેશ શિડયુલમાં નક્કી કર્યા મુજબ ઓપન મેરીટની યાદીમાં. ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.

**ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં. યુનિ.ની મંજૂરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.**

(૫) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો પ્રવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં ભરવી નહીં કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| | | |
|---|---|---|
| (૬) અનામત જગ્યાઓની ટકાવારી | SEBC | ડીવીઝન દીઠ |
| (અ) અનુસૂચિત જાતિ | S.C | ૭% |
| (બ) અનુસૂચિત જનજાતિઓ | S.T | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | SEBC | ૨૭% |
| | કુલ - | ૪૯% |

(ડ) વિકલાંગ ...................... ૩% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૪૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૫૧% રહેશે.

૯. ગુણવત્તા યાદીઓ તૈયાર કરતી વખતે એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયેલા વિદ્યાર્થીઓના દરેક વર્ષદીઠ/ટ્રાયલદીઠ ૧૫ ગુણ કુલમાંથી ઓછા કરી મેરીટ યાદીમાં સમાવવા.

માર્ચ ૨૦૧૨ પહેલા પાસ થયેલા વિદ્યાર્થીઓને, કોલેજમાં ૨૦૧૨ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ જગ્યા ખાલી રહે તોજ પ્રવેશ આપવો.

૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી બોર્ડમાંથી જે વિદ્યાર્થીઓનાં પરીણામ મોડાં જાહેર થયાં હોય, કે સુધારો-વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓનાં ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઈ. મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તો પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. તા.૩૧/૮/૧૨ પછી માર્કશીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમીસ્ટરમાં__________કોલેજે" પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કશીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કશીટ પરત કરવી.

૧૨. ગુજરાત એચ.એસ.સી બોર્ડમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં ગુજરાત યુનિ.ના પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ સિવાય પ્રવેશ આપવો નહીં.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા, અને પ્રથમ પ્રવેશકાર્ય પૂરૂ ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહી, સદરહુ નિયમો ચુસ્તપણે અમલ કરવો, કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં.

૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો.

**એનરોલમેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામા આવશે.**

૧૫. નોટીસબોર્ડ પર જે પ્રવેશ યાદીઓ મૂકાય તેની નકલ ફરજીયાત રીતે ચાર કલાકમાં ગુજરાત યુનિ.માં એકેડેમિક વિભાગને નીચેના સ્વરૂપમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________ પ્રવેશ યાદી નં.__________ કોલેજનું નામ __________

| | | | |
|---|---|---|---|
| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સેન્ટર કોડ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા |
| ૧ | ૨ | ૩ | ૪ |
| કેટેગરી | માધ્યમ | એચ.એસ.સી. બેઠક નં./ માર્કશીટ નંબર | રીમાર્ક જો હોય તો |
| ૫ | ૬ | ૭ | ૮ |

અંગ્રેજી માધ્યમ/ગુજરાતી માધ્યમ માટે જો પ્રવેશના અલગ નિયમો હોય તો, આ નિયમોના નકલ અવશ્ય ગુજરાત યુનિ.ને મોકલી મંજૂરી લેવી. તે સિવાય અલગ નિયમો રાખવા નહીં.

૧૬. મેનેજમેન્ટ ક્વોટાની યાદી ફરજીયાત રીતે નોટીસબોર્ડ પર જાહેર કરવી.

૧૭. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ)ઓપન કેટેગરીમાં ટ્રાન્સફર કરતાં પહેલા યુનિ.ની પૂર્વ મંજૂરી લેવી ફરજીયાત છે.

Scanned by CamScanner

(૩) બક્ષીપંચના વિદ્યાર્થીઓ પાસેથી ચાલુ નાણાકીય વર્ષનું ક્રીમીલેયર સર્ટીફિકેટ વિદ્યાર્થીએ રજૂ કરવું ફરજીયાત છે.અટલે કે માર્ચ-૨૦૧૨ પછીનુ ક્રીમીલેયર સર્ટીફિકેટ લાવવાનુ રહેશે.

(૪) પ્રવેશ શિડ્યુલમાં નક્કી કર્યા મુજબ ઓપન મેરીટની યાદીમાં, ગુણવત્તાના ધોરણે આવતા તમામ વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યા બાદ જ અનામત કક્ષામાં આવતા વિદ્યાર્થીઓની મેરીટ યાદી જાહેર કરવાની છે.

ઓપન મેરીટમાં આવતા વિદ્યાર્થીઓને તે પ્રમાણે પ્રવેશ આપવો તેમને અનામત યાદીમાં સમાવવા નહીં. યુનિ.ની મંજૂરીથી અનામત જગ્યાઓ ઓપનમાં બદલવાની રહેશે.

(૫) અનામતની ટકાવારીની જગ્યાઓ, ઓપન મેરીટનો પ્રવેશ ફાઈનલ ના થાય ત્યાં સુધી કોઈપણ સંજોગોમાં ભરવી નહીં કે ઓપન કરવી નહીં. અન્યથા આચાર્યશ્રીની કાયદેસરની સંપૂર્ણ જવાબદારી રહેશે.

| | ડીવીઝન દીઠ |
|---|---|
| (૬) અનામત જગ્યાઓની ટકાવારી | |
| (અ) અનુસુચિત જાતિ | ૭% |
| (બ) અનુસુચિત જનજાતિઓ | ૧૫% |
| (ક) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ | ૨૭% |
| કુલ | ૪૯% |

(ક) વિકલાંગ ...................... ૩% (તમામ કક્ષામાં સમાવિષ્ટ)

(અ) અનામત જગ્યાઓ કુલ ૪૯% રહેશે.

(બ) ઓપન જગ્યાઓ ૫૧% રહેશે.

૯. ગુણવત્તા યાદીઓ તૈયાર કરતી વખતે એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયેલા વિદ્યાર્થીઓના દરેક વર્ષદીઠ/ટ્રાયલદીઠ ૧૫ ગુણ કુલમાંથી ઓછા કરી મેરીટ યાદીમાં સમાવવા.

માર્ચ ૨૦૧૨ પહેલા પાસ થયેલા વિદ્યાર્થીઓને, કોલેજમાં ૨૦૧૨ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યા બાદ જગ્યા ખાલી રહે તોજ પ્રવેશ આપવો.

૧૦. ફોર્મ લેવાની તારીખ સમાપ્ત થયા પછી બોર્ડમાંથી જે વિદ્યાર્થીઓનાં પરીણામ મોડાં જાહેર થયાં હોય, કે સુધારો-વધારો થયો હોય તેવા વિદ્યાર્થીઓનાં ફોર્મ કારણો સાથેની લેખિત અરજી લઈ, મેરીટમાં આવતા હોય તે ક્રમ મુજબ અને જગ્યા ખાલી હોય તો પ્રવેશ આપવાનું રાખવું.

૧૧. તા.૩૧/૮/૧૨ પછી માર્કશીટ પરત કરતી વખતે કોલેજે "પ્રથમ સેમીસ્ટરમાં__________કોલેજે" પ્રવેશ આપેલ છે તેવું એમ્બોસ સીલ કે સિક્કો તારીખ સાથે માર્કશીટ પાછળ લગાવી, આચાર્યશ્રીએ સહી કરી માર્કશીટ પરત કરવી.

૧૨. ગુજરાત એચ.એસ.સી બોર્ડમાંથી પાસ થયેલા વિદ્યાર્થીઓ સિવાયના વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં ગુજરાત યુનિ.ના પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ સિવાય પ્રવેશ આપવો નહીં.

૧૩. પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની ફી સ્વીકારતી વખતે અસલ માર્કશીટ અને એનરોલમેન્ટ માટે ત્રણ ફોટા અચૂક લેવા, અને પ્રથમ પ્રવેશકાર્ય પૂરૂ ન થાય ત્યાં સુધી, ખાસ સંજોગો સિવાય અસલ ગુણપત્રક પરત કરવું નહી, સદરહુ નિયમો ચુસ્તપણે અમલ કરવો, કોઈપણ સંજોગોમાં આ માટે વિદ્યાર્થીઓને યુનિવર્સિટીમાં મોકલવા નહીં.

૧૪. વિષયો અને પ્રવેશની પાત્રતા બાબતે સંપૂર્ણ ચકાસણી કરીને જ આચાર્યશ્રીએ પ્રવેશ આપવો.

એનરોલમેન્ટ ફોર્મ બાબતે યુનિવર્સિટી તરફથી અલગથી પરિપત્ર કરવામા આવશે.

૧૫. નોટીસબોર્ડ પર જે પ્રવેશ યાદીઓ મુકાય તેની નકલ ફરજીયાત રીતે ચાર કલાકમાં ગુજરાત યુનિ.માં એકેડેમિક વિભાગને નીચેના સ્વરૂપમાં આપવાની છે. તેમાં ટકાવારી અચૂક લખેલ હોવી જોઈએ.

તારીખ__________ પ્રવેશ યાદી નં.__________ કોલેજનું નામ __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | સેન્ટર કોડ | વિદ્યાર્થીના પ્રાપ્ત ટકા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| કેટેગરી | માધ્યમ | એચ.એસ.સી. બેઠક નં./ માર્કશીટ નંબર | રીમાર્ક જો હોય તો |
| ૫ | ૬ | ૭ | ૮ |

અંગ્રેજી માધ્યમ/ગુજરાતી માધ્યમ માટે જો પ્રવેશના અલગ નિયમો હોય તો, આ નિયમોના નકલ અવશ્ય ગુજરાત યુનિ.ને મોકલી મંજૂરી લેવી. તે સિવાય અલગ નિયમો રાખવા નહીં.

૧૬. મેનેજમેન્ટ ક્વોટાની યાદી ફરજીયાત રીતે નોટીસબોર્ડ પર જાહેર કરવી.

૧૭. અનામત કક્ષાના વિદ્યાર્થીઓની જગ્યાઓ

(અ)અનામત કેટેગરીના ટ્રાન્સફર કરતાં પહેલા યુનિ.ની પૂર્વ મંજૂરી લેવી ફરજીયાત છે.

Scanned by CamScanner

(બ) દરેક કોલેજ મેરીટયાદી : ૧-૨-૩........ મૂક્યા બાદ ફી લેવાના છેલ્લા દિવસ પછી એક દિવસ વધારાના આગળની યાદીના વિદ્યાર્થીઓને (ફી ભરવાનો/પ્રવેશલેવાનો) આપવો. સાથે સાથે કેટલી જગ્યાઓ ખાલી છે તે નોટીસ બોર્ડ પર સ્પષ્ટ મૂકવું.

મેરીટ યાદીઓ ત્રણથી ચાર જગ્યાએ મૂકવી સિક્યોરીટીની પાકી વ્યવસ્થા કરવી, જેથી અવ્યવસ્થાને સ્થાન ના રહે.

૧૮. પ્રવેશ આપ્યા બાદ જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ઉપલબ્ધતાના આધારે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકારના કર્મચારીઓ કે જેમની બદલી અમદાવાદમાં થઇ છે તેમના બાળકોને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવો.

૧૯. ગુજ. યુનિ. દ્વારા પ્રવેશ પ્રક્રિયા નિયમો મુજબ થાય છે કે કેમ તે તપાસવા માટે ઓબ્ઝર્વર નિમવામાં આવશે તેઓ કુલપતિશ્રીને સીધો રીપોર્ટ આપશે. તેઓ જે માહિતી માંગે તે કોલેજોએ આપવાની રહેશે..

૨૦. કોલેજમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની રેગીંગ ન થાય તે જોવાની જવાબદારી જે તે સંસ્થાની રહેશે. જે વિદ્યાર્થી રેગીંગ કરતા પકડાશે તો તેનો પ્રવેશ રદ થશે. આ સૂચનાનો ચૂસ્ત પણે અમલ કરવો.

૨૧. પ્રવેશ અંગે ઉપરોક્ત સૂચનાઓનું પાલન કરવામાં આવે અને જ્યારે જરૂર જણાય ત્યારે યુનિવર્સિટી હવે પછી જે જે સૂચનાઓ આપે તેનો પણ ફેરફાર મુજબ અમલ ચૂસ્તપણે કરવો. યુનિવર્સિટીનો આ અધિકાર આબાધીત રહેશે.

૨૨. માન.કુલપતિશ્રી દ્વારા નિયુક્ત યુનિવર્સિટીના કોઇપણ પ્રતિનિધિ યુનિવર્સિટીના આયોરીટી પત્ર સાથે જે તે કોલેજનો સંપર્ક કરી એડમીશન અંગેની તપાસ કરશે તેમજ તે અંગેનો કોલેજનો રેકોર્ડ ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ બતાવવાનો રહેશે. તે અંગે જો કાર્યવાહીમાં કોઇપણ પ્રકારની ચૂક કરવામાં આવશે તો તે અન્વયેની સમગ્ર જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

## ફી સ્ટ્રકચર અંગે

૧. <u>ગ્રાન્ટેબલ કોલેજો</u> : ટયુશન ફી વર્ષ ૨૦૧૧-૧૨ અનુસાર રહેશે. ગુજરાત સરકારશ્રીએ ટયુશન ફીમાં જે વધારો કર્યો છે તે ત્રણેય વર્ષમાં લેવાનો રહેશે.

૨. અમદાવાદ અને ગ્રામ્ય વિસ્તાર માટે પરચૂરણ ફી યુનિ.ના ઓર્ડિનન્સ પ્રમાણે ફરજીયાત લેવાની રહેશે. તેથી કોઈપણ સ્વરૂપમાં વધારે ફી લીધાની પૂરાવા સાથેની લેખિત ફરીયાદ આવશે તો યુનિ.ના ધારાધોરણ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ બાબતની સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે. ગ્રામ્ય વિસ્તારમાં વધારે ફી લીધાના દાખલા ગત વર્ષે બન્યા છે. આવા આચાર્યશ્રીની માન્યતા તાત્કાલિક રદ કરવામાં આવશે, પાછળથી કોઈપણ રજૂઆત સાંભળવામાં આવશે નહીં. ડીપોઝીટના સ્વરૂપમાં પણ કોઈ ફી લઇ શકાશે નહીં.

૩. સ્વનિર્ભર કોલેજોમાં નિયત સંખ્યા કરતાં એકપણ વિદ્યાર્થી વધારે લેવામાં આવશે, તો આવા વિદ્યાર્થીઓની એનરોલમેન્ટની કોઈ જવાબદારી યુનિ.ની રહેશે નહીં, તથા સજાના ભાગરૂપે આગામી વર્ષેથી એક વર્ગ કાયમ ઓછો કરવામાં આવશે.

૪. ગ્રાન્ટેબલ કોલેજોમાં જ્યાં યુ.જી.સી./યુનિવર્સિટી માન્ય વોકેશનલ વિષયો ચાલે છે તેમણે યુનિ.ના અગાઉના પરિપત્રમાં દર્શાવ્યા કરતાં વધારે ફી લઈ શકાશે નહીં આ ફીમાં યુનિવર્સિટીએ કોઈ વધારો કર્યો નથી. સી.ડબલ્યુ.ડી.સી.ના વિદ્યાર્થી દીઠ સેમેસ્ટર દીઠ રુ.૧૦ તથા યુથ વેલ્ફેરના વિધાર્થી દીઠ સેમીસ્ટર દીઠ રુ.૨૦/- લેવા તે પૈકી રુ.૧૦/- સેમીસ્ટર દીઠ યુનિ.મા જમા કરાવવાના રહેશે, અલગ અલગ નામે કોઇ વધારાની ફી કે ડિપોઝીટ લઇ શકાશે નહી.

૫. ગ્રાન્ટેબલ કોલેજોમાં જ્યાં કોમ્પ્યૂટર વિષય ચાલે છે, ત્યાં યુનિ. ઓર્ડિનન્સ મુજબ આ માટે જે ફી નક્કી થઇ છે, તેના કરતાં વધારે ફી લઇ શકાશે નહીં. અન્યથા યુનિ.ના ધારાધોરણ મુજબ કડક પગલા લેવામાં આવશે.યુનિ. માન્યતા વગર કોમ્પ્યુટર વર્ગો ચલાવી શકાશે નહીં.

૬. સ્ટડી મટીરીયલ, લેબોરેટરી ફી કે અન્ય કોઈપણ નામે યુનિવર્સિટીનાં ધારાધોરણોથી વિરુદ્ધ વધારે ફી લેવાશે તો કોલેજની માન્યતા રદ થશે આ માટે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.

૭. તમામ કોલેજોએ સેમીસ્ટરદીઠ જ ફી લેવાની રહેશે.કોઇપણ સંજોગોમાં આખા વર્ષની ફી લઇ શકાશે નહી.

Scanned by CamScanner

૮. સ્વનિર્ભર કોમર્સ, કોલેજોમાં તા.૩૦/૭/૧૨ સુધીમાં કાયમી આચાર્ય નિમવાના રહેશે. કાયમી આચાર્ય ના મળે તો વધારાના એક અધ્યાપક લઈ સિનિયર અધ્યાપકને આચાર્યનો ચાર્જ આપવાનો રહેશે.

૯. ૬૨ વર્ષથી ઉપરના કોઈને પણ ડાયરેકટર, ઈન્ચાર્જ ડાયરેકટર તરીકે કોઈપણ સ્વનિર્ભર સંસ્થામાં ચાલુ રાખી શકાશે. નહીં. તા.૩૦/૭/૧૨ પછી આ બાબતે સુધારો ના કરનાર સ્વનિર્ભર કોલેજને ચાલુ શૈક્ષણિક વર્ષથી "નો એડમશીન લીસ્ટમાં" મૂકવામાં આવશે.

૧૦. સ્વનિર્ભર કોમર્સ કોલેજો યુનિ.ની એફિલિએટેડ કોલેજ હોઈ, ગ્રાન્ટેબલ કોલેજો માટે સ્ટાફ, વર્કલોડનું જે મહેકમ છે તે લાગુ પડે છે. તેથી તા.૩૦/૭/૧૨ સુધીમાં જરૂરી કલાર્ક, પટાવાળા, ગ્રંથપાલ, સ્પોર્ટસ ટીચર વગેરે ગ્રાન્ટેબલ ધોરણો, સ્ટાફના હોય તો ફરજીયાત નિમવાનો રહેશે. અન્યથા યુનિ. માન્યતા રદ કરવા સુધીનાં પગલાં અચૂક લેશે. તમામ સ્ટાફને સરકારશ્રીના/યુનિ.નાં ધારા-ધોરણો મુજબ ફરજીયાત રીતે પૂરો પગાર આપવાનો છે.

૧૧. તમામ સ્વનિર્ભર કોલેજોના સ્ટાફને દરેક વર્ષે યુનિ. એડહોક માન્યતા આપશે, ચાર વર્ષ સુધીમાં શૈક્ષણિક સ્ટાફે નેટ-સ્લેટની પરીક્ષામાં (પાસ થાય ત્યાં સુધી) બેસવાનું રહેશે. અન્યથા એડહોક માન્યતા રદ કરી તેમને છૂટા કરવાના રહેશે.

૧૨. જે સ્વનિર્ભર કોલેજોમાં સ્ટાફ ઓછો હશે તેમની ઈનટેક કેપેસીટી ઓછી કરવામાં આવશે તેની સંપૂર્ણ જવાબદારી મેનેજમેન્ટની રહેશે.

૧૩. એકજ ટ્રસ્ટની કોમર્સ/બીબીએ/બીસીએ કોલેજો હોય તો બીબીએ/બીસીએમાં પ્રવેશ લેવા ફરજ પાડવી નહીં કે આગ્રહ પણ ના કરવો.

૧૪. કોમર્સની ક્રમાનુસાર ત્રણેય પ્રવેશ યાદીઓ યુનિવર્સિટીને મોકલવાની ફરજીયાત છે.

૧૫. પ્રવેશનું સમયપત્રક કોમર્સમાં એક સાથે જ અમલમાં મૂકવાનું છે. કટ ઓફ માર્કસ દર્શાવતો ચાર્ટ નોટીસ બોર્ડ પર અચૂક મૂકવો.

૧૬. જે સંસ્થામાં C.A.,ICWA, કે C.S. જેવા કોર્ષ બી.કોમ.ઉપરાંત ચાલતા હોઇ તેવી સંસ્થાઓએ C.A.,ICWA કે C.S.માં પ્રવેશ લેવા માટે ફરજ પાડવી નહીં. ઉપરાંત આ અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધેલ વિધાર્થીને B.Com.ના એડમીશનના ટકામાં છુટછાટ આપવામાં આવે તો તે પ્રવેશ મેનેજમેન્ટ ક્વોટામાં જ ગણવાનો રહેશે.

૧૭. સમગ્ર પ્રવેશ પ્રક્રિયાનું મોનીટરીંગ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રહેશે.

૧:ડૉ.મુકુલભાઇ શાહ - માન.ઉપકુલપતિશ્રી
૨:માન.શ્રી નરહરીભાઇ એચ.અમીન (સિન્ડીકેટ સભ્યશ્રી)
૩:ડૉ.નીતીનભાઇ ડી.શાહ (ડીનશ્રી-કોમર્સ)
૪:શ્રી ગૌરાંગભાઇ પટેલ (સિન્ડીકેટ સભ્યશ્રી)
૫:ડૉ.દિગ્વિજયસિંહ ગોહિલ (સિન્ડીકેટ સભ્યશ્રી)
૬:શ્રી ગીરીશભાઇ ચૌધરી (સિન્ડીકેટ સભ્યશ્રી)

Scanned by CamScanner

GUJARAT UNIVERSTIY

એકેડેમિક કાઉન્સિલ તા.૧૨-૫-૨૦૦૦

આ..ક્રમાંક -i-૩૫

O.159(B)

Rate of Laboratory fees per Semester:

| | | |
|---|---|---|
| (i) | For the subject of Geography, Home Science in affiliated Arts College | Rs.70.00 |
| (ii) | In affiliated Science and Medical College | Rs. 70.00 |

3) The following shall be the rates of fees other than the tuition fees per Semester in affiliated Arts,Science,Commerce,Medical and Law College :

| | |
|---|---|
| (i) Library fees | Rs.25-00 |
| (ii) Examination and Stationary fees | Rs.100-00 |
| (a) Gymkhana fee per Semester | Rs.20-00 |
| (b) Cultural Activities per Semester | Rs.40-00 |
| (iv) Identify Card fee (only first Semester) | Rs.15-00 |
| | Rs.200-00 |

Note:- (1) The amount of fee shall be utilized for the purpose For which it is levied.

(2) The audited accounts of Union and Gymkhana fees (including magazine)of the preceding years shall be Published in the college magazine every year.

N.B. University Sports fee Rs.5/- and students welfare fee Rs.10/-per Semester will be Collected by colleges and to be deposited with the University Fare not Included in this fee.

WDC fee per semester Rs.10/-

Scanned by CamScanner